અપીલ અરજી નં.૧૦૬ તા.૨૩–૭–૦૮

અરજદાર: શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટ
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમ:–

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટની તા.૨૭–૫–૦૮ નીઅરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૩૪૬૮ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૬/૨૦૦૮–૦૯

શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટની તા.૨૭–૫–૦૮ નીઅરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૩૪૬૮ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૩૦૭ તા.૧૮–૬–૦૮ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૩ માં ગેરકાયદેસર બાંધકામો દુર કરવા,કરવાની જવાબદારી અને કાર્યવાહી કયારે કરવામાં આવશે અને તેના નિતીનિયમોની સમયમર્યાદા વિગેરે બાબતે આપેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૮ તા.૩૧–૭– ૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારને તા.૨૭–૫–૦૮ ની અરજી સાથે રજુ કરેલ પત્ર મુજબની માહિતી માંગવામાં આવેલ. જે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દાસર સમય મર્યાદામાં અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તે પૈકી મુદ્દા નં.૪ અંગે ઉચિત સમયમાં કાર્યવાહી કરવામાં આવશે તેવી માહિતી આપેલ છે. જયારે અરજદારે મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી" ચોથા માળે કોઈ પણ પ્રકારનું બાંધકામ ચાલી રહેલ નથી" તેની સામે અપીલમાં અરજદાર જણાવે છે કે બાંધકામ ચાલતું હતું અને પુર્ણ થઈ ગયેલ છે તેટલા મુદ્દા પુરતું અપીલનું કારણ રહે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" મુદ્દા નં.૪ અને ૫ અંગે ઉચિત સમય બાબતે કામના નિકાલના ધોરણો હેઠળ મુકરર કરેલ સમય મર્યાદાની માહિતી આપવા તથા મુદ્દા નં.૬ અંગે કાયદા હેઠળ જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે છે. તે ધ્યાને લેતાં અરજદાર ઈચ્છે તો મુદ્દા નં.૬ પુરતું જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના સમયમાં દિન–૭ માં ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર ધ્વારા તેવી રજુઆત થયેથી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા અમલવારી કરી તેની પુર્તતા રીપોર્ટ અત્રે મોકલી આપવા જણાવવામાં આવેલ છે. અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે અરજદાર સક્ષમ સત્તાધિશને અલગ રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલમાટે.
(૨)શ્રી દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટ